# સરદાર પટેલ યુનિવર્સિટી

## એકેડેમિક કાઉન્સિલની સભા (તારીખ:૧૨/૨/૨૦૨૦)

(Under Section 23A(1) & 41(g) of the Act, S:70A,B,C)

## નોટિસ

એકેડેમિક કાઉન્સિલની સભા **તારીખઃ ૧૨/૨/૨૦૨૦ ને બુધવારના રોજ બપોરના ૧૧.૦૦ કલાકે** યુનિવર્સિટીના જ્ઞાનોદય પરીક્ષા ભવનના સેનેટ ખંડ (યુનિવર્સિટી કાર્યાલય પાછળ)માં મળશે.

## કા ર્ય સુ ચિ

૧. તારીખ:૯/૮/૨૦૧૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.

(નોંધઃ તારીખ:૯/૮/૨૦૧૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યનોંધ સભ્યશ્રીઓને મોકલવામાં આવી હતી.)

૨. તારીખઃ ૯/૮/૨૦૧૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિનો અહેવાલ.

૧. નોંધ લીધી.

૨. નોંધ લીધી.

૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદર બાબતના પેટા ક્રમાંકઃ ૧ થી ૧૫ ની નોંધ લીધી.

૪. તારીખઃ ૫/૮/૨૦૧૯ના રોજ મળેલ બોર્ડ ઓફ પોષ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રિસર્ચની સભાએ કરેલ ભલામણો ક્રમાંકઃ ૧ અને ૩(પેટા ક્રમાંકઃ ૧ થી ૨૮) પર કરેલ કાર્યવાહિનો અહેવાલઃ

(૧) નોંધ લીધી.

(૩) કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદર કાર્યના પેટા ક્રમાંકઃ ૧ થી ૨૮ ની નોંધ લીધી.

૫. આ કાર્યાલયના પત્રાંકઃ ઈ-૩/૪૫૬૫ તારીખઃ ૧૧/૯/૨૦૧૯ થી સંબંધકર્તાને જાણ કરી.

૬. નોંધ લીધી.

૩. આચાર્યશ્રી, ભીખાભાઈ જીવાભાઈ વાણીજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરએ તેઓના પત્રાંક નંઃ એસ.પી.યુ/M.Com(S/F)/૨૦૧૯-૨૦ તારીખ:૨૦/૦૯/૨૦૧૯ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી **એમ.કોમ**(M.Com) એક વધારાના ડીવીઝનનો અભ્યાસક્રમ બંધ(De-affiliation) માટે કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૧)**

(નોંધઃ શૈક્ષણીક વર્ષ ૨૦૧૯માં **એમ.કોમ**(M.Com) (એક વધારાના ડીવીઝન)માં પ્રથમ વર્ષમાં કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપેલ નથી.)

ચાલુ...

૪. કા.આચાર્યશ્રી, સી. ઝેડ. પટેલ કોલેજ ઓફ બિઝનેશ એન્ડ મેનેજમેન્ટ, ન્યુ વલ્લભ વિદ્યાનગરએ તેઓના પત્રાંક નંબરઃ czpcbm/2019-20/37 અને પત્રાંક નંબરઃ czpcbm/2019-20/38 તારીખઃ૧૦/ ૦૪/૨૦૧૯ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી **એમ.કોમ(કોર્પોરેટ બેન્કીંગ અને ઇન્સ્યુરન્સ)** તથા **બી.બી.એ(જનરલ)**ના અભ્યાસક્રમ બંધ(De-affiliation) માટે કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
**(બિડાણઃ ૨)**

(નોંધઃ શૈક્ષણીક વર્ષ ૨૦૧૯માં એમ.કોમ(કોર્પોરેટ બેન્કીંગ અને ઇન્સ્યુરન્સ) અભ્યાસક્રમમાં વિદ્યાર્થીને બી.જે.વી.એમ, વલ્લભ વિદ્યાનગર સ્વનિર્ભર વિભાગમાં ટ્રાન્સફર કરેલ છે. તથા બી.બી.એ (જનરલ)ના અભ્યાસક્રમમાં એસ.વાયમાં ૧૪ વિદ્યાર્થી અને ટી.વાયમાં ૪ વિદ્યાર્થીને સેમકોમ કોલેજ, વલ્લભ વિદ્યાનગર ખાતે ટ્રાન્સફર કરેલ છે.)

૫. કા.આચાર્યશ્રી સેન્ટ સ્ટીફન ઇન્સ્ટીયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદએ તેઓના પત્રાંક નંઃSIBMT/૧૬૮૨/૨૦૧૯-૨૦થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી **બી.કોમ**નો અભ્યાસક્રમ બંધ (De-affiliation) માટે કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ ૩)**

(નોંધઃ શૈક્ષણીક વર્ષ ૨૦૧૯માં બી.કોમ.માં પ્રથમ વર્ષમાં કોઇ વિદ્યાર્થીને પ્રવેશ આપેલ નથી. કોલેજ તરફથી દ્વિતીય વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓને સી.પી.પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ અને તૃતીય વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓને શ્રી વી. ઝેડ. પટેલ કોમર્સ કોલેજ, આણંદમાં તબદીલ કરેલ છે. અને વિદ્યાર્થીઓના નોટ કલીયર અને કલીયરની માહિતી તેમજ વિદ્યાર્થીઓ તરફથી મળેલ **ના વાંધા પત્રો** મળેલ છે.)

૬. કા.આચાર્યશ્રી, સી. બી. પટેલ આર્ટસ કોલેજ, નડીયાદએ તેઓના પત્રાંક નંઃ૨૦/૨૦૧૯/૨૦ તારીખઃ૧૨/૦૪/૨૦૧૯ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી એમ.એ(માનસશાસ્ત્ર)ના અભ્યાસક્રમ બંધ (De-affiliation) માટે કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૪)**

(નોંધઃ એમ.એ.(માનસશાસ્ત્ર)માં એક વિદ્યાર્થીની અભ્યાસ કરતી હતી, તે વિદ્યાર્થીની સેમ.-૨માં નાપાસ થઇ છે, જે આગળ અભ્યાસ કરવા માંગતી નથી. તેવી લેખિત બાંહેધરી વિદ્યાર્થીની દ્વારા આપવામાં આવેલ છે.)

૭. મંત્રીશ્રી, વસો એજયુકેશન સોસાયટી દ્વારા સંચાલીત શ્રીમતિ એસ. બી. પટેલ આર્ટસ એન્ડ શ્રી આર. એન. અમીન કોમર્સ કોલેજ, વસોમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે M.com (Accountancy)નો અનુસ્નાતકઅભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ ૩૦/૦૪/૨૦૧૮ના પત્રાંકથી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૫)**

ચાલુ...

**SPECIFIC COMMENTS FOR THE COMMITTEE:**

- Advertisement for the Appointment of Assistant professor and Adhyapak Sahayak required to be made before commencement of teaching at M.Com Programme.

૮. **મંત્રીશ્રી, વસો એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલીત શ્રીમતિ એસ. બી. પટેલ આર્ટસ એન્ડ શ્રી આર. એન. અમીન કોમર્સ કોલેજ, વસોમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે** M.A. (Gujarati)**નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા નવું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ ૩૦/ ૦૪/૨૦૧૮ના પત્રાંકથી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૬)**

**SPECIFIC COMMENTS FOR THE COMMITTEE:**

- Faculties Required: 1 Associate Professor, 2 Assistant Professor to be recommended.

૯. **કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે** B.SC.(BACHELOR OF SCIENCE)**નો સ્નાતકઅભ્યાસક્રમ શીખવવા એક વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંકઃ-૨/૮૨૮/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭)**

**SPECIFIC COMMENTS FOR THE COMMITTEE:**

- Looking at the students' strength the existing staff (Teaching & Non-Teaching) to be continued.
- Regular principal to be appointed.

૧૦. **કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે** B.SC.(BACHELOR OF SCIENCE)**નો સ્નાતકઅભ્યાસક્રમ શીખવવા બીજુ વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંકઃ-૨/૮૨૭/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૮)**

**SPECIFIC COMMENTS FOR THE COMMITTEE:**

- Looking at the students' strength the existing staff (Teaching & Non-Teaching) to be continued.
- Regular principal to be appointed.

૧૧. **કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે** B.SC.(BACHELOR OF SCIENCE)**નો સ્નાતકઅભ્યાસક્રમ શીખવવા ત્રીજુ વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંકઃ-૨/૮૨૫/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૯)**

ચાલુ...

**SPECIFIC COMMENTS FOR THE COMMITTEE:**

- Looking at the students' strength the existing staff (Teaching & Non-Teaching) to be continued.
- Regular principal to be appointed.

૧૨. કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.SC.(BACHELOR OF SCIENCE)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા ચોથું વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખ:૨૮/૦૬/૨૦૧૯ના પત્રાંક:-૨/૮૨૬/૨૦૧૯-૨૦ થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૧૦)**

**SPECIFIC COMMENTS FOR THE COMMITTEE:**

- Looking at the students' strength the existing staff (Teaching & Non-Teaching) to be continued.
- Regular principal to be appointed.

૧૩. કા.ડાયરેક્ટરશ્રી, શ્રી એ. એન. પટેલ પોસ્ટ-ગ્રેજયુએટ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદમાં જૂન-૨૦૨૦થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે M.SC.(ORGANIC CHEMISTRY) નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા બીજુ વધારાના ડીવીઝનનું જોડાણ મેળવવા માટે તેમના તારીખ:૨૬/૦૬/૨૦૧૯ના પત્રાંક:અગડ/૨૦૧૯-૨૦૨૦/૦૪૫થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૧૧)**

**SPECIFIC COMMENTS FOR THE COMMITTEE:**

- 02 Professor **or** 04 Associate Professor recommended as per UGC norms.

૧૪. કા.આચાર્યશ્રી આણંદ ઇન્સ્ટીયુટ ઓફ બિઝનેશ સ્ટડીઝ, આણંદએ તેઓના પત્રાંક નં:AIBS/2019/197/5થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦થી **બી.કોમ**(વધારાનું ડિવિઝન)નો અભ્યાસક્રમ કાયમી ધોરણે બંધ (**De-affiliation**) માટે કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ: ૧૨)**

(નોંધ: શૈક્ષણીક વર્ષ ૨૦૧૯માં બી.કોમ.(વધારાનું ડિવિઝન)માં પ્રથમ વર્ષમાં કોઇ વિદ્યાર્થીને પ્રવેશ આપેલ નથી.)

૧૫. મંત્રીશ્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ તેઓના પત્રાંક નં:C.E.S./51/2019-20 તારીખ:૨૬/૦૭/૨૦૧૯ થી જણાવે છે કે શ્રી અલ્પેશ એન. પટેલ પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ, આણંદથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯થી એમ.એસસી.(આઇ.ટી.-વધારાનુ ડિવિઝન)નો અભ્યાસક્રમ કાયમી ધોરણે બંધ (**De-affiliation**) માટે કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૧૩)**

(નોંધ: શૈક્ષણિક વર્ષ ૨૦૧૯માં એમ.એસસી.(આઇ.ટી.-વધારાનુ ડિવિઝ)માં પ્રથમ વર્ષમાં કોઇ વિદ્યાર્થીને પ્રવેશ આપેલ નથી.)

ચાલુ...

૧૬. તારીખઃ૨૯/૧/૨૦૨૦ ના રોજ મળેલ વિનયન વિદ્યાશાખાની સભાએ મંજૂર કરેલ **બિડાણ-૧૪** માં દર્શાવ્યા મુજબની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૧૪)**

૧૭. તારીખઃ૨૯/૧/૨૦૨૦ના રોજ મળેલ વિજ્ઞાન વિદ્યાશાખાની સભાએ મંજૂર કરેલ **બિડાણ-૧૫** માં દર્શાવ્યા મુજબની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૧૫)**

## ૧૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યોની માહિતીઃ

(૧) તારીખઃ ૧૪/૧૦/૨૦૧૯ના રોજ મળેલ હોમસાયન્સ અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**ભલામણઃ**

**1) B.Sc. Home Science(General)(CBCS) ના સ્ટ્રકચરમાં Core Courses - UH05CGEN07 Extension Education(T) 3 Credits ના બદલે 2 Credits કરવી. તે જ રીતે UH05CGEN08 Extension Education(P) 1 Credit ના બદલે 2 Credits કરવી.**

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી.(હોમસાયન્સ)જનરલના પાંચમા સેમેસ્ટરના અભ્યાસક્રમના સ્ટ્રકચરમાં ઉપર દર્શાવ્યા મુજબનો સુધારો મંજૂર કરવો. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ એટલેકે ડિસેમ્બર-૨૦૧૯થી કરવો.

(૨) તારીખઃ ૧૦/૧૦/૨૦૧૯ના રોજ મળેલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ક્રમશઃ કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**ભલામણઃ**

આથી ઠરાવવામાં આવે છે કે કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશાનુસાર યુનિવર્સિટી સંલગ્ન મેનેજમેન્ટના વિષયો ભણાવતી કોલેજોમાં આંતરિક ૩૦ ગુણ અને બાહ્ય ૭૦ ગુણનું ભારાંક થતાં સ્નાતક કક્ષાએ લેવાનાર બાહ્ય પરીક્ષાઓના પ્રશ્નપત્રોનું માળખુ નીચે દર્શાવ્યા મુજબનું રહેશે. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ક્રમશઃ કરવો.

**પ્રશ્નપત્રનું માળખુંઃ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Q.1 | Unit-I | 18 Marks | Q.2 | Unit-II | 17 Marks |
| | OR | | | OR | |
| Q.1 | Unit-I | 18 Marks | Q.2 | Unit-II | 17 Marks |
| Q.3 | Unit-III | 18 Marks | Q.4 | Unit-IV | 17 Marks |
| | OR | | | OR | |
| Q.3 | Unit-III | 18 Marks | Q.4 | Unit-IV | 17 Marks |

ચાલુ...

(૩) તારીખઃ ૧૧/૧૦/૨૦૧૯ના રોજ મળેલ કોમર્સ અને બિઝનેસ સ્ટડીઝ એન્ડ બેન્કીંગ તથા એકાઉન્ટન્સીની અભ્યાસ સમિતિની સંયુકત સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ક્રમશઃ કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**ભલામણઃ**

આથી ઠરાવવામાં આવે છે કે કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગરના આદેશાનુસાર યુનિવર્સિટી સંલગ્ન વાણિજયના વિષયો ભણાવતી કોલેજોમાં આંતરિક ૩૦ ગુણ અને બાહ્ય ૭૦ ગુણનું ભારાંક થતાં સ્નાતક કક્ષાએ લેવાનાર બાહય પરીક્ષાઓના પ્રશ્નપત્રોનું માળખુ નીચે દર્શાવ્યા મુજબનું રહેશે. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ક્રમશઃ કરવો.

**પ્રશ્નપત્રનું માળખુંઃ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Q.1 | Unit-I | 18 Marks | Q.2 | Unit-II | 17 Marks |
| | OR | | | OR | |
| Q.1 | Unit-I | 18 Marks | Q.2 | Unit-II | 17 Marks |
| Q.3 | Unit-III | 18 Marks | Q.4 | Unit-IV | 17 Marks |
| | OR | | | OR | |
| Q.3 | Unit-III | 18 Marks | Q.4 | Unit-IV | 17 Marks |

(૪) તારીખઃ ૩૦/૮/૨૦૧૯ના રોજ મળેલ એડહોક બોર્ડ ફોર વોકેશનલ સ્ટડીઝની સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

**ભલામણઃ**

આથી ઠરાવવામાં આવે છે કે એડહોક બોર્ડ ઓફ સ્ટડી ફોર બેચલર ઓફ વોકેશન અંતર્ગત એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદને યુ.જી.સી. ન્યુ દિલ્હી દ્વારા ફાળવેલ **Bachelor of Vocation Courses (1) "Hospitality and Tourism" (2) "Retail Management" (3) "Photography & Animation" (4) "Journalism and Mass Communication" and (5) "Theatre Art & Stage Craft"** ના ત્રીજા અને ચોથા સેમેસ્ટરના અભ્યાસક્રમો તથા તેનું માળખું પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી કરવો.

(૫) તારીખઃ ૨/૭/૨૦૧૯ના રોજ મળેલ મેડીસીન વિદ્યાશાખા અંતર્ગત અભ્યાસ સમિતિઓની સંયુકત સભાએ મંજૂર કરેલ નીચેની ભલામણનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

ચાલુ...

**ભલામણઃ**
આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલના તારીખઃ ૧૮ એપ્રિલ, ૨૦૧૯ ના પત્રના સંદર્ભમાં બેઝિક બી.એસસી. નર્સિંગના કાર્યસૂચિના બિડાણ-૧માં દર્શાવ્યા મુજબના રિવાઈઝડ અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ થી ક્રમશઃ કરવો.

(ક) વાણિજ્ય વિદ્યાશાખા અંતર્ગત આવતા સ્નાતક કક્ષાના તમામ વિષયો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી અમલમાં આવેલ યુ.જી.સી. મોડલ કોર્ષ કરીક્યુલમને ધ્યાને લઇ બાહ્ય અભ્યાસક્રમોમાં પણ નવા અભ્યાસક્રમનું માળખુ અમલી કરવામાં આવેલ છે. જેના સંદર્ભમાં બી.કોમ.(એક્ષટર્નલ)ના બીજા વર્ષના બિડાણમાં દર્શાવ્યા મુજબના અભ્યાસક્રમો વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(નોંધ : **બિડાણ-૧ થી બિડાણ-૧૫** યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu/students_corner/syllabi પર ઉપલબ્ધ છે.)

અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે કાંઇ રજૂ થાય તે.

નાયબ કુલસચિવ

નંબરઃ ડી/બી/એ.કા./ ૫૪૭૫
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૫/૨/૨૦૨૦

પ્રતિઃ
(૧) એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ જોગ.
(૨) પરીક્ષા વિભાગ તરફ જાણ સારૂ.
(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્ટી વેબસાઇટ(નોટીસ અને સરક્યુલર) પર મૂકવા વિનંતી.